**સાયબર ક્રાઇમ પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૭૨૫૦૧૮૦/૨૦૨૫ ગુનાના કામે અરજદાર/આરોપી હેત સ./ઓ. વિપુલભાઇ પંચમીયા નાઓની જામીન અરજી લગત હુકમ.**

.........................................................................

(૧) સાંભળ્યા. અરજદાર/આરોપીની જામીન અરજી વંચાણે લીધી. કેસ પેપર્સ વંચાણે લીધા. ત.ક.અ.શ્રીએ રજુ રાખેલ વાંધા વંચાણે લીધા.

(૨) અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીની રજુઆત છે કે, આ કામના અરજદાર/આરોપીને સદરહું ગુનામા ખોટી રીતે સંડોવી દિધેલ છે. એફ.આઇ.આર.માં નામ નથી. સહ આરોપીના નિવેદનથી નામ સંડોવાયેલ છે. નોટીસ આપેલ જેથી મુદત પહેલા અટક કરેલ છે. આરોપીએ સહ આરોપીને માત્ર મદદગારી કરેલ છે. સહ આરોપીને જામીન મુકત કરેલ છે. અગાઉના આરોપીના ચાર્જશીટમાં કોઇ પુરાવો મળી આવેલ નથી. સદરહું ગુનામા અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુનામા અત્રેની કોર્ટને જામીન મુકત કરવાની સત્તા રહેલ છે. અરજદાર/આરોપીએ આવો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર/આરોપી કયાંય નાસીભાગી જાય તેમ નથી. નામ.અદાલત ધ્વારા જે કોઇ શરતો ફરમાવશે તે તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરશે તેમ જણાવી જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે. વધુમાં અરજદાર/આરોપીના વિ.વકિલશ્રીએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબના ઉચ્ચ અદાલતના ચુકાદા પર આધાર રાખેલ છે.

- નામ.સર્વોચ્ચ અદાલતના અર્નેશકુમાર વિ. સ્ટેટ ઓફ બિહાર
  ક્રિમીનલ અપીલ નં.૧૨૭૭/૨૦૧૪, તા.૦૨/૦૭/૨૦૧૪.
- નામ.સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદના શીફાન અર્શદભાઇ પરમાર વિ. સ્ટેટ ઓફ ગુજરાત
  ક્રિ.પ.અ.નં.૧૩૮૬/૨૦૨૬, તા.૦૩/૦૩/૨૦૨૬

(૩) સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ ગુનાનુ સ્વરૂપ તથા ગુનાની સજાની જોગવાઇ તથા ત.ક.અ.શ્રીના વાંધા ધ્યાને લઇ જામીન

અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૪) આ કામે બંને પક્ષો પૈકી કોઇએ હાલના આરોપી(ઓ) ધ્વારા કોઇ પણ સક્ષમ અદાલત સમક્ષ હાલની અરજીની સુનાવણી અને/અથવા ન્યાયીક નિકાલ ને અસરકર્તા બને તે મુજબની કોઇ અરજી કરેલ હોય કે આવી કોઇ અરજી નિર્ણયાધીન હોય કે આવી કોઇ અરજી તળે હુકમ કરવામા આવેલ હોવા બાબતે કોઇ રજુઆત કરવામા આવેલ નથી જે ધ્યાને લીધું.

(૫) બંને પક્ષોની રજુઆત ધ્યાને લીધી. આ કામના અરજદાર/આરોપી સામે **બી.એન.એસ.૨૦૨૩ ની કલમ-૨૦૪, ૩૦૮(૨), ૩૧૬(૨), ૩૧૮(૪), ૩૧૯(૨), ૩૩૬(૩), ૩૩૭, ૩૪૦(૨) તથા આઇ.ટી.એકટની કલમ-૬૬(સી), ૬૬(ડી)** મુજબનાં ગુનાનો આક્ષેપ છે. કેસ પેપર્સ તથા ત.ક.અ.શ્રીએ રજુ રાખેલ વાંધા વંચાણે લેતા આ કામના અરજદાર/આરોપી પ્રથમ દર્શનીય રીતે ગુનામા સંડોવાયેલ હોવાનું જણાય આવે છે. આ કામના હાલના અરજદાર/આરોપીએ અગાઉ અટક થયેલ આરોપી પાસેથી રૂા.ત્રણ લાખ લેયર-૨ માં મેળવેલ હોય તથા ગુજરાત સીવાયના અન્ય રાજયમાં પણ ફરીયાદ પોર્ટલ પર થયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. સદરહું ગુનાની તપાસ હાલ ચાલુ છે .પુરાવા સાથે ચેડા થવાની શકયતા રહેલ છે. આ કામના અરજદાર/આરોપીના વિ.વકિલશ્રીએ પેરા નં.૨માં જણાવેલ ચુકાદા પર આધાર રાખેલ છે. પરંતુ અરજદાર/આરોપીએ ગુનામા ભજવેલ ભાગ તથા ગુનાહીત ઈતિહાસ, તપાસ ચાલુ હોવાની હકીકત વિગેરે ધ્યાને લેતા હાલના તબકકે સદરહું ચુકાદા અરજદાર/આરોપીને મદદરૂપ બની શકે નહી તેવુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ છે. આમ, સદરહું ગુનામા અરજદાર/આરોપીનો ગુનાહીત માનસ તથા ભજવવામા આવેલ સક્રિય રોલ ધ્યાને લેતા બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ-૪૮૦ અન્વયેની વિવેકબુધ્ધિની સત્તાઓ અરજદાર/આરોપીની તરફેણમાં વાપરવી યોગ્ય જણાઇ આવતી ન હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## <u>-:: હુકમ ::-</u>

હાલની જામીન અરજી **<u>ના-મંજુર</u>** કરવામા આવે છે.

- હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૮/૦૮/૨૦૨૬
સ્થળ:અમદાવાદ

(હાર્દીવ કે.વછરાજાની)
૨૮માં એડી.ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧,અમદાવાદ શહેર.
જજ કોડ નં.જી.જે.૦૧૨૩૧.